માનનીય વાંચક,

મનુબર ગામ ભરૂચ જિલ્લાનું આદર્શ ગામ તરીકે દુનીયાભરમાં પ્રખ્યાત છે, અને એનું કારણ આપણાં વડીલોનો ગામ પ્રત્યેનો પ્રેમ અને પ્રજાની લાગણી છે.

આવા વડીલોનાં અમુક દાખલા તમારી સામે નીચેનાં પાનાઓમાં રજુ કરીએ છીએ, જે વાંચી આવા ગામપ્રેમીઓનો ઈખ્લાસ અને ગામ માટે મર મીટવાનો ઉત્સાહ વાંચકને પણ જણાસે, અને તમને પણ આવા કામો કરવાનો ઉત્સાહ પેદા થશે એવી આશા છે.

આ માહિતી વિશે અમે હાજી મુહમંદ અહમદ મુન્શી સાહેબના આભારી છીએ, જે જાતે પણ ગામનાં હિતેચ્છુ, ગામ અને વ્હોરા પ્રજા માટે ગણું કરી ચુકયા, અને પોતાના પિતા અને ભાઈઓના પગલાંના નિશાન હમેશ માટે અમર કરી દીધા.

અલ્લાહ હાજીસાહેબને આખીરતમાં બેહતરીન બદલો અર્પણ કરે, અને એમના કુટુંબીજનોને વધુ ઉત્સાહ અને દિલચસ્પીથી કોમના કામો કરવાની ધગસ આપે એવી આશા રાખીએ છીએ, અને અલ્લાહ આપણા વડીલોને એમની આ સેવાઓનો આખીરતમાં બેહતરીન બદલો અર્પણ કરે, આમીન.

**અગત્યની નોંધ :** ઇતિહાસ ગણો જુનો છે, પરંતુ એ કઈ વર્ષમાં લખાયો એની ચોકકસ માહિતી નથી.

મનુબર વેલ્ફેર સોસાયટી - યુ.કે.

## મનુબર

મનુબર પણ ભરૂચ તાલુકાનું એક રમણીયામણું ગામ છે. આફ્રિકાની સફર અને ખેતીની કસરના પ્રતાપે એ ગામ આગળ પડતું થયું છે. એ ગામમાં પટેલોની વસ્તી ૧૫૦૦ માણસની છે. તે પૈકી વી. એફ. પાસ–૩૦, શિક્ષક શિક્ષિકા–૨૧, તે પૈકી ટ્રેન્ડ–૧૦ અને સીલેકશન ગ્રેડવાળા–૩ છે. મેટ્રીકથી ગ્રેજ્યુએટ સુધીની તાલીમ લીધેલા ૧૫ છે. નાના મોટા અમલદારોની સંખ્યા ૧૦ ની છે. ડી. ડી. સી. જ. મહમદ અલીભાઈ પટેલ કે જેમની રેવન્યુ ખાતામાં ઉજ્જવળ કારકિર્દી છે. તેઓ પણ એ જ ગામના વતની છે. મૌલ્વીઓની સંખ્યા ૪ છે. તો હાફિઝજીઓની સંખ્યા તેથી વધુ છે. સફળ ખેડૂત ૨૦, સફળ વેપારીઓની સંખ્યા ગામમાં ૧૫ અને બહાર ગામમાં તથા પરદેશ ખાતે સફરીઓ તથા સફળ વેપારીઓની સંખ્યા ૫૫ની છે. મુંબઇના દૂધ બજારમાં આ ગામના વર્ચસ્વ ધરાવતા ૮–૧૦ છે. એકંદરે ગામ દીની અને દુન્યવી તાલીમમાં સારો રસ ધરાવે છે. અને ગામ સંપીલું હોઈ દરેક વાતે સારી પ્રગતિ કરી રહ્યું છે. ગામના આગેવાનો હાજી અહમદ મુસા મુન્શી પટેલ, અભરામ વલ્લી તથા હાજી અલ્લી મહમદ સંપથી ગામને સારી દોરવણી આપી રહ્યા છે. અને ગામની ઉન્નતિ સાધી રહ્યા છે.

☆

જ. **મુન્શી** અહમદ મુસા પટેલ. ઉ. વ. ૫૩. મૂળ વતન મનુબર. ૧૯૨૧માં પી. આર. ટ્રે. કો. અમદાવાદથી થર્ડઇયિર ટ્રેન્ડ થયા. અને



ભરૂચ જિ. સ્કૂલબોર્ડમાં જુદે જુદે સ્થળે નોકરી કરી ૧૯૫૨માં પેન્શન પર ઉતર્યા. બહુશ્રુત ઠરેલ અને કર્તવ્ય પ્રેમી સજ્જન છે. ગામના દીની અને દુન્યવી કામોમાં સફળતા ભરી આગેવાની કરી રહ્યા છે. એ ઓછું બોલવામાં અને વધુ કાર્ય કરવામાં માને છે. પોતાના છોકરાઓને સારી કેળવણી આપી પોતાની અને કોમની



કીર્તિમાં વધારો કર્યો છે. એ પોતે સફળ ખેડૂત અને ઉત્સાહી સામાજિક કાર્યકર છે. એમના મોટા પુત્ર દાઉદ અહમદ મેટ્રીક સુધીનો



અભ્યાસ કરી પરદેશની સફર ખેડી રહ્યો છે. ખૂબ જ સાહસિક યુવાન હોઈ હજારો માઈલની મુસાફરી કરી હાલ ઈરૂમુ કોંગો બેલ્જિયમ ખાતે વેપારી પેઢી કાઢી હોલસેલ જનરલ વેપાર ખેડી રહ્યા છે. બીજો પુત્ર અબ્દુર્રહીમ અહમદ નામે છે જેણે ૧૯૪૮માં મુંબઈ ખાતે બી. કોમ. ની ડીગ્રી મેળવી એકાઉન્ટન્ટ જનરલની ઓફિસમાં સર્વિસની શરૂઆત કરી હતી. ૧૯૫૦માં મોમ્બાસા ખાતે જઈ એક જનરલ વેપારી પેઢીમાં હેડ એકાઉન્ટન્ટ તરીકે કામ કરે છે. ખૂબ જ વેપારી કુનેહ ધરાવે છે. એમનો ત્રીજો પુત્ર મહમદ અહમદ મેટ્રીક પાસ થયા પછી વીક્ટોરીયા જ્યુબિલી ટેકનિકલ ઈન્સ્ટીટયુટ ઓફ બોમ્બેમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે ઉત્તીર્ણ થયા પછી વધુ અભ્યાસ અર્થે લંડન જવાની ધગશ ધરાવે છે.

જ. પટેલ અભરામ વલી. ઉ. વ. ૪૯ મૂળ વતન મનુબર. ગામના સામાજિક અને



રાજદ્વારી આગેવાની ધરાવતા સફળ ખેડૂત અને લેનલૉર્ડ છે. સ્થાનિક શાળા સમિતિના ચેરમેન ગ્રામ્ય સુધારણા સમિતિના ચેરમેન અને કુશળ કાર્યકર છે. ઉત્સાહી હમદર્દ અને ગામને આગળ ધપાવવામાં સારો સક્રિય રસ ધરાવે છે. પોતાનું ગામ ભરૂચ જિલ્લામાં મોખરાનું સ્થાન પ્રાપ્ત

કરે એ એમની ધગશ છે. ગામના બાળકોની કેળવણી પ્રત્યે ઉંડો રસ ધરાવે છે.

☆

જ. ઉમરજી અહ્મદ દલાલ ઉર્ફે નરીમાન. ઉ. વ. ૫૧. મૂળ વતન મનુબર. પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કર્યાં પછી મુંબઈમાં જઈને દૂધ બજારનાએ જાણીતા દલાલ બન્યા છે. પોતાના ધંધામાં ખૂબજ પાવરધા બીઝનેસમેન છે. ઠરેલ, મુત્સદ્દી અને વહેપારી કુનેહ ધરાવતા સજ્જન છે. પટેલ વહોરાઓની મુંબઈ ખાતે સાચી સેવા બજાવી રહ્યા છે. જીભના મીઠા અને કામમાં ચોક્કસ છે.

☆

જ. મુન્શી વલી બક્ષ પટેલ. ઉ. વ. ૫૨. મૂળ વતન મનુબર. ૧૯૨૧માં અમદાવાદ પી.



આર. ટ્રે. કો. માંથી ટ્રેન્ડ થઈ ભરૂચ જિ. સ્કૂલ બોર્ડમાં શિક્ષક તરીકે જોડાયા. શિસ્ત પાલનમાં માનનારા છે. કહેવા કરતાં કરી બતાવવામાં યાને મૂગું કાર્ય કરી બતાવવામાં માનનારા છે. એમના પુત્ર ઈસ્માઈલ વલીબક્ષ ઉ. વ. ૨૫. સને ૧૯૪૪માં ભરૂચ દલાલ હાઈસ્કૂલમાંથી મેટ્રીક થયા પછી મુંબઇ અંધેરી કોલેજમાં જોડાયા હતા. કોલેજ છોડયા પછી ૧૯૪૯માં બોમ્બે સેક્રેટરીએટમાં કલાક તરીકે જોડાયા હતા. ૧૯૫૦માં હિન્દુસ્તાનથી ઈસ્ટ આફ્રિકામાં ગયા. અને દારેસ્સલામ ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં કલાર્ક તરીકે જોડાયા. હાલ ટબોરા



ખાતે ડી. જજની કોર્ટમાં મૂખ્ય કલાર્ક છે. કર્તવ્ય અને શિસ્તપાલનના પુરા હિમાયતી છે.

☆

જ. માસ્તર ઇબ્રાહીમ અલીભાઈ પટેલ. ઉ. વ. ૩૦. મૂળ વતન મનુબર. ૧૯૫૧માં આમોદ



ટ્રે. કો. માંથી બેઝીક ટ્રેન્ડ થયા. ખંતીલા, ઉત્સાહી, કાર્યશીલ, અને ધગશવાળા ઝિંદાદિલ યુવાન છે. છતાં શિક્ષક તરીકે ઠરેલ અને

શિસ્તમાં માની કાર્ય કરનારા છે. બાહ્યપ્રવૃત્તિમાં સારો રસ ધરાવે છે. આગળ ધપે એવાં ચિન્હ જણાય છે.

☆

જ. અહમદ ઇબ્રાહીમ વહવા. ઉ. વ. ૪૫. મૂળ વતન મનુબર. મેટ્રીક સુધીનો અભ્યાસ કર્યો છે. ૧૯૪૧માં દૂધનો બિઝનેસ મુંબઇ ખાતે આરંભ્યો. ૧૯૩૯માં મુંબઇ ખાતે



એમ્બ્રોઇડરીનું કારખાનું કાઢ્યું. ૧૯૪૨ માં એ. આર. પી. માં જોડાયા. ત્યાર પછી રેશનિંગ ખાતામાં મુંબઇમાં રેશનિંગ ઇન્સ્પેક્ટર થયા. બોમ્બે યંગ મુસ્લિમ પટેલ એસો. ના સેક્રેટરી હતા. એસો. નું કામ એમણે બહુજ ઉત્સાહથી બજાવ્યું હતું. એમની મારફતે અનેક પટેલ યુવાનોએ સ્કોલરશીપો અને પુસ્તકો મેળવ્યાં હતાં. ઘણા ઉત્સાહી તથા ખામોશ અને હમદર્દ જવાન છે.

☆

જ. અલીભાઈ હાજી ઉમરજી ઉ. વ. ૨૭. મૂળ વતન મનુબર. અંગ્રેજી ધોરણ પાંચનો અભ્યાસ કરી એમના પિતા હાજી ઉમરજી હાજી વલીની સાથે મુંબઈ ખાતે દૂધના બિઝનેસમાં જોડાયા. એમના પિતા તથા એ પોતે પણ સખાવતી કોમી કાર્યોમાં ઉલટ ભર્યો ભાગ લે છે. પટેલોની સારી લાગણી અને હમદર્દી ધરાવે છે. મુંબઈમાં એમનું કુટુંબ ૫૦ વરસથી



વસેલું છે. દૂધનો ધંધો એમને વારસાગત મળેલો છે. સેવાભાવી જુવાન છે.

☆

જ. માસ્તર મુસા અહમદ દુકાનદાર. ઉ વ. ૪૧. મૂળ વતન મનુબર. ૧૯૪૨ માં બેઝીક ટ્રે સેન્ટર કતારગામમાં ટ્રેન્ડ થયા. વર્ધા ખાતે સેવાગ્રામમાં ૧૯૫૦ માં બેઝીક ડીપ્લોમા મેળવ્યો. ૧૯૫૨ માં સીલેકશન ગ્રેડ મળ્યો. હાલ ટંકારિઆ શાળામાં શિક્ષક છે. ખાદીના ઉદ્યોગમાં ખૂબ પ્રવીણ છે. નમ્ર, શિસ્તમાં માનનાર, વિવેકી અને ઠરેલ છે. કામમાં લાગે તો બસ કામ ને કામજ કર્યા કરે અને વાતે ચઢે તો બસ વાતો જ કર્યા કરે એવો એમનો સ્વભાવ છે.

☆

જ. ઇબ્રાહીમ મહંમદ પટેલ. ઉ. વ. ૩૨ મૂળ વતન મનુબર. એમના પિતા આફ્રિકાના સફરી છે એમણે પોતે ઇન્ટર પાસ કરી આગળ કૉલેજનો અભ્યાસ કરવાને બદલે વહેપારી લાઇનમાં ઝુકાવ્યું. કેળવાએલા માણસ હોઈ જોતજોતાંમાં દૂધના બિઝનેસમાં સારા વધ્યા. કેળવાએલા નોકરી કરતાં બિઝનેસમાં સારી રીતે સફળ થઈ શકે છે; તેનું એ પોતે જવલંત

ઉદાહરણ છે. ધગશ અને લાગણીવાળા ઉત્સાહી ઉમંગી અને પટેલોની ઉન્નતિમાં સારો સક્રિય રસ ધરાવનારા સોસીયલ અને મહેમાન નમાઝ



યુવાન છે. કેળવણીના ખાસ હિમાયતી છે. હાલ આરે દૂધ કેન્દ્ર યુ. નં. ૬૦ ગોરેગાંવ મુંબઈમાં રહે છે.

☆

જ. મહંમદ મૂસા હાજી ઉ. વ. ૩૩. મૂળ વતન મનુબર. પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કરી પોતાના બાપીકા ધંધામાં યાને દૂધના બિઝ-



નેસમાં મુંબઇ ખાતે જોડાયા. અને સારી રીતે ધંધો ચલાવી રહ્યા છે. શોખીન તબીઅતના હોઇ પટેલોની ઉન્નતિમાં સક્રિય રસ ધરાવે છે. વિવેકી, ઠરેલ અને સોસીઅલ ઉત્સાહી યુવાન છે. હાલ આરે કેન્દ્ર યુ. નં. ૩૦ ગોરેગાંવ મુંબઈમાં છે.

☆

જ. પટેલ અલી મહંમદ માલજી. ઉ. વ. ૫૬. મૂળવતન મનુબર. સાધારણ ખપજોગો અભ્યાસ કરી મુંબઇ ખાતે દૂધના ધંધામાં જોડાયા. આરે દૂધ કેંદ્ર ગોરેગાંવના સફળ વહેપારી પૈકીના એક છે. ઠરેલ અને કોમી કાર્યોમાં રસ લેનારા છે. ગામનાં સાર્વજનિક, અને ધાર્મિક કાર્યોમાં ઠીક ભાગ લે છે.

☆

જ. યુસુફ અહમદ પટેલ : ઉ. વ. ૩૮. મૂળ વતન મનુબર. ૧૯૩૬માં રાંદેરની એમ. એમ. પી.



હાઈસ્કૂલમાંથી મેટ્રીક પસાર કરી સને ૧૯૩૮થી રેવન્યુ ખાતામાં કલાર્ક તરીકે જોડાયા છે. કાર્યરત, સેવાભાવી, અને મિલનસાર યુવાન છે. પટેલ યુવાનોની ઉન્નતિમાં રસ ધરાવે છે.

☆

જ. મહંમદ ઈસ્માઈલ પટેલ : મૂળ વતન મનુબર. પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કરી ખપ જેટલું અંગ્રેજી જ્ઞાન પ્રાપ્ત કરી નોર્થ રહોડેશિયાની સફરે ગયા. હાલમાં આઝાણુકા ખાતે પોતાનો સ્વતંત્ર વેપાર ખંતપૂર્વક ચલાવી રહ્યા

છે. પટેલ કોમના આવા ખંતીલા યુવકો પરદેશ ગમન કરી પોતાના વતનને ઉજ્જવળ



બનાવી શકે છે. કેળવણીના ચાહક, ખંતીલા અને ધગશવાળા યુવાન છે.

☆

જ. યુસુફ વલ્લી ઈબ્રાહીમ: ઉ. વ ૪૬. મૂળ વતન મનુબર ઇ. સ. ૧૯૨૩માં બેઈરાની સફર કરી પ્રથમ દૂધના બિઝનેસમાં જોડાયા હાલમાં કાપડનો વેપાર કરે છે. એમણે કુલ્લે ચાર સફરો ખેડી છે. પ્રમાણીક અને ખંતીલા



વેપારી છે કેળવણીના ચાહક છે, અને કોમની હમદર્દી હૈયે ધરાવે છે.

જ. મૌલ્વી આદમ મનુબરી : ઉ. વ. ૩૪. મૂળ વતન મનુબર. ૧૯૩૫માં વી. એફ. પાસ કરી ત્યાર પછી ત્રણ વરસમાં કુર્આનના હાફિઝ થયા. પછી ૧૯૩૮માં રાંદેર જામેઆ હુસૈનીયામાં દાખલ થઈ ૧૯૪૬માં આલિમની સનદ મેળવી. ચાર વરસ મનુબરના મદ્રેસામાં નોકરી કરી. સાથે પ્રાથમિક કન્યાશાળામાં પણ નોકરીની શરૂઆત કરી. પછી નોકરી છોડી ૧૯૫૧ના મે માસમાં રેયુનીઅનની સફરે ગયા. રેયુનીઅનના પોર્ટ ડગાલેસમાં માસિક ૨૦ પાઉન્ડના પગારથી નોકરીની શરૂઆત કરી. ધીમે ધીમે તાલિમ અને તબ્લીગના કામમાં સારા આગળ વધી રહ્યા છે. પટેલ કૌમની તાલીમ અને તરબીયતના પુરા હમદર્દ છે. ખિદમત કરી છુટવામાં માને છે. કોઇનું પણ કામ કરી છુટવામાં પોતાનું નામ ધરાવે છે. સેવાભાવી સ્વભાવ ધરાવે છે. એક સાચા અર્થમાં મોલ્વી અને હાફિઝ છે. 'પટેલમિત્ર'નો ફેલાવો કરવામાં તેમનો સૌથી વિશેષ ફાળો છે.

☆

જ. વી. એમ. ઇબ્રાહીમ પટેલ : ઉ. વ. ૪૪. મૂળ વતન મનુબર. એમનો જન્મ ટંકારીઆ ગામમાં થયો હતો. મનુબરના જાણીતા સફરી વેપારી મહમદ ઇબ્રાહીમ મુન્શીના એ મોટા પુત્ર છે. ૧૯૨૨માં સાઉથ આફ્રિકા ગયા



અને પોતાના પિતા સાથે બિઝનેસમાં ઝંપલાવ્યું. ૧૯૩૫માં હાર્ડીંગ (નાતાલ) ખાતે સીલ્વર કેશ સ્ટોરની સ્થાપના કરી સ્વતંત્ર વેપાર શરૂ કર્યો. નાતાલના પટેલ વહોરા વેપારીઓમાં એ એક આગળ પડતા ઉત્સાહી વેપારી છે. સામાજિક હિતોમાં રસ ધરાવે છે. પટેલ કોમની ઉન્નતિના ખાસ ચાહક છે. બીઝનેસમાં ઘણા પ્રવીણ છે. દેશહિતનાં કાર્યો પણ કરે છે. પરદેશમાં રહીને પણ પટેલોને ભૂલ્યા નથી. પટેલ હાઇસ્કૂલની યોજનાના એ પુરા હમદર્દ છે. એમનું સરનામું પો. બો. નં. ૩૦ હાર્ડીંગ નાતાલ છે.

☆

જ. મહમદ અહલી સુલેમાન ડાહ્યા. ઉ. વ. ૨૫. મૂળવતન મનુબર. પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કર્યા પછી પોતાના પિતાની સાથે મુંબઈ ખાતે ભરૂચા તબેલામા દૂધના બિઝનેસમાં જોડાયા પણ એમના પિતા હાલમાં મનુબર ખાતે ખેતી તથા ભેંસનો વેપાર કરતા હોઇ



એમણે પોતે મુંબઈ ખાતે ઘાસનો વેપાર શરૂ કર્યો છે અને મરોલમાં મીઠી નદી ઉપર ઇંટનું ગંજાવર કારખાનું ખોલ્યું છે. ઉછરતા યુવાન, ઉત્સાહી સ્વભાવ અને મીઠી વાણીને લીધે મુંબઈમાં ઠીક ઠીક પ્રગતિ કરી રહ્યા છે અને એમના પિતાની 'ડાહ્યા' અટક પ્રમાણે પોતે સ્વભાવે 'ડાહ્યા' અને 'શાણા' બની ગયા છે. પટેલોની ઉન્નતિમાં રસ લે છે.

☆

જ. અહમદ ઈસ્માઈલ ઈબ્રાહીમ. મૂળ વતન મનુબર. નાતાલમાં હાર્ડીંગ ખાતે બહુ સારા પ્રમાણમાં વેપાર ચલાવે છે. ઘણા સખી



ગૃહસ્થ છે. હાર્ડીંગ ગવરમેન્ટ ઇંગ્લીશ સ્કૂલ સ્થાપવામાં એમનો ફાળો સૌથી મહત્વનો હતો. હાલમાં પણ એ તેજ સંસ્થાના ડાયરેક્ટર પદે છે. હાર્ડીંગમાં પોતાના ખર્ચે એક મદ્રેસો પણ ચલાવે છે. પોર્ટ શેપસ્ટનની મસ્જીદ અને મદ્રેસાના ટ્રસ્ટી પણ છે. ક્રિકેટના સારા ખેલાડી છે. અને હાર્ડીંગ ક્રિકેટ કલબના કેપ્ટન છે. દરેક સ્પોર્ટસમાં આગળ પડતો ભાગ ભજવે છે. પટેલોની કેળવણી અને ઉન્નતિમાં સારો રસ ધરાવે છે.

☆